# 4. કલ્યાણ



**ચન્દ્રવદન મહેતા**

**જન્મ : ઈ.સ. ૧૯૦૧ મૃત્યુ ઈ.સ. ૧૯૯૧**

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાનો જન્મ સુરત મુકામે થયો હતો. તેઓ કવિ પ્રવાસી હોવા ઉપરાંત ઉત્તમ નટ, નાટ્યદિગ્દર્શક, નાટ્યસર્જક અને વિવેચક પણ હતા. નાટકના સાહિત્યસ્વરૂપ ઉપરાંત અન્ય ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન છે. એમનાં 'ઈલાકાવ્યો' અને 'ગઠરિયાં' શ્રેણી અંતર્ગત લખાયેલું આત્મવૃત્તાંત વગેરે ખૂબ જાણીતાં છે. 'અખો', 'મૂંગી સ્ત્રી', 'આગગાડી', 'નર્મદ', 'પાંજરાપોળ', 'ધરાગુર્જરી' એમનાં નોંધપાત્ર નાટકો છે. સાહિત્યના મહત્ત્વના બધા જ પ્રકારોમાં તેમનું અર્પણ છે. તેમને ૧૯૩૬નો રણજિતરામ સુવર્ણચંદ્રક તથા 'નાટ્યગઠરિયાં' માટે ૧૯૭૧નો સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવોર્ડ મળ્યો હતો.

કવિઓ કથાકાવ્યમાં કોઈક વિશેષ ઘટના-પ્રસંગનું વર્ણન કરતા હોય છે. એ ઘટના-પ્રસંગ દ્વારા કોઈ વિશેષ વ્યક્તિની વીરતાથી, બલિદાનની, સમર્પણની કથા રજૂ થાય છે. સામાન્ય રીતે સમાજના હિત માટે કોઈ મહત્ત્વની કામગીરી કરતાં વીરગતિ પામેલા વીરની એ કથા હોય છે.

આપણા જૂના સાહિત્યમાં આવાં કથા કાવ્યો 'પવાડા' તરીકે ઓળખાયાં છે. 'પવાડો' શબ્દ સંસ્કૃતના 'પ્રવદ્ધ:' શબ્દ ઉપરથી આવ્યો છે. 'પવાડો' શબ્દ અને એ પ્રકારનાં કાવ્યો હિન્દી તથા મરાઠી સાહિત્યમાં પણ મળે છે. ત્યાં પણ એ વીરકથાઓ રૂપે રજૂ થયેલ છે.

પાછળથી 'પવાડો' એટલે નિંદા, ફજેતી એવા અર્થ પ્રચલિત થતાં 'પવાડો' એટલે કટાક્ષમાં કોઈની નિંદા કરતું કાવ્ય એવો અર્થ પણ થયો. એ કારણે 'પવાડા' લખાતા બંધ થયા અને પછીના સમયમાં દૂહા, સોરઠા, છંદ વગેરેમાં આવાં વીરકાવ્યો લખાવાં શરૂ થયાં. આ કાવ્ય 'ઈન્દ્રવજ્ર' છંદમાં લખાયેલું છે.

'કલ્યાણ' નામના યોદ્ધાએ દેશદાઝથી પ્રેરાઈને પોતાનું બલિદાન આપેલું એવું કથાવસ્તુ આ કથાકાવ્યના કેન્દ્રમાં છે. તેની વૃદ્ધ માતા એક સાચા સિપાઈ તરીકે કલ્યાણના વ્યક્તિત્વનું ઘડતર કરીને, કલ્યાણને પોતાના પિતા અને દાદાના માર્ગે બલિદાન આપવા તૈયાર કરે છે. કલ્યાણની માતા યુદ્ધમાં દીકરો ગુમાવવા છતાં એની શહીદી માટે હર્ષઘેલી બને છે. તે ઘટનામાં તેની માતાની દેશપ્રીતિ બતાવી છે. કલ્યાણની માતાનું ચરિત્ર પણ આ કાવ્યમાં 'વીરમાતા' તરીકે ઊપસી આવે છે. કલ્યાણની વીરગતિની સ્મૃતિમાં લોકો 'કલ્યાણ-ચોરો' ચણાવે છે. વીરતા અને દેશપ્રેમનું સરસ કથાકાવ્ય છે.

---

ઈલા ! સ્મરે છે અહીં એક વેળા,
આ ચોતરે આપણ બે રમેલાં;
દાદીજી વાતો કરતા નિરાંતે,
વ્હેલાં જમીને અહીં રોજ રાતે.
કૈં વર્ષ પ્હેલાં અહીં યુદ્ધ જામ્યાં,
ને વીર કૈં અક્ષય કીર્તિ પામ્યા;
આ ગામનો એક હીરો હણાયો;
કલ્યાણ-ચોરો અહીં આ ચણાયો.
કલ્યાણ નામે અહીંનો સિપાઈ
જે યુદ્ધમાં એક ગયો સિપાઈ
કેવી હતી અંતર દેશદાઝ;
એનો કહું હું ઈતિહાસ આજ,
એ ટેક ને શૌર્ય તણો જમાનો,

સાંખી શકે વીર ન એક ટોણો;
ના યોગ કે કાળ કંઈ વિચારે,
ને પાર ધાર્યું મનનું ઉતારે.
કલ્યાણને કેવળ વૃદ્ધ માત,
હૈયે હતી એક વિયોગવાત;
કલ્યાણ તો એકલ આશ જેની,
ચિંતા ધરે એ દિનરાત તેની.
'બચ્ચા ઊઠો !' એમ સિપાઈ-માતા
બોલીય ડંકા રણના સુણાતાં;
બેટા ઉમંગે રણમાં સિધાવો,
સિપાઈ-માતા-કૂખ આ દીપાવો;
કલ્યાણહૈયે હતી દેશદાઝ,
વ્હાલી હતી એ થકી કુળલાજ;
માતાતણાં વેણ સૂણી ઊઠ્યો એ:
ને કુળદેવી સ્મરીને નમ્યો એ :
ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ.
એ દાઝ જાગો મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ,
આ દેશ માટે મુજ સર્વશક્તિ.
કલ્યાણ-હીરો રણમાં હણાયો
પ્હેલો ધસ્યો એ જય તો ગણાયો.
કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો.
ને આત્મ એનો સ્વરગે વિરામ્યો.

(ચન્દ્રવદન મહેતાનાં કાવ્યોમાંથી)

## ટિપ્પણ

**અક્ષય** - નાશ ન પામે એવું, અમર **હીરો હણાયો** - વીરપુરુષ, શહીદ થયો **સાંખવું** - સહન કરવું **યોગ કે કાળ** - સંજોગ કે સમય **નિશાન** - ઊંટ ઉપરની નોબત, મોટું નગારું **નિયંતા** - નિયમમાં રાખનાર, પરમેશ્વર **સાખો** - શાખ, આબરૂ **અદા કરવું** - પાર પાડવું **શક્તિ** - (અહીં) સત્તો **ભાવિવાત** - (અહીં) ભવિષ્યમાં વાત આદર્શરૂપે કહેવાશે **શિરપેચ** - છોગાવાળો સાફો **શકુનથાળ** - શુકન માટેના કંકુ, અબીલ, ગુલાલ, ચોખા, ખારેક વગેરે સામગ્રીનો થાળ **ગામનાકું** - પાદર **જયત્મેદ** - વિજયનું રહસ્ય **કલ્યાણ-પંથે નિજ પંથ વાળ્યો** - કલ્યાણે જે માર્ગ લીધો હતો એ પોતે પણ લીધો, અવસાન પામી

## રૂઢિપ્રયોગ

**કૂખ દીપાવવી** - માતાને ગૌરવ અપાવવું
**વાળ વાંકો ન થવો** - સહેજ પણ ઈજા ન થવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ અને ઈલા એક સમયે ક્યાં રમતાં હતાં ?
2. દાદીજી કયાં અને ક્યારે વાર્તા કહેતા હતા ?
3. કલ્યાણ ચોરો શા માટે ચણાયો ?
4. કલ્યાણ નામનો સિપાઈ ક્યાં હણાયો ? તેના અંતરમાં શું હતું ?

5. કલ્યાણનું વ્યક્તિત્વનું ઘડતર કોણ કરે છે ?
6. કલ્યાણ કોના માર્ગને અનુસરે છે ? શા માટે ?
7. કલ્યાણની માતા દિકરો ગુમાવવા છતાં હર્ષઘેલી શા માટે બને છે ?
8. કલ્યાણની માતા માટે કયું વિશેષણ પ્રયોજાયું છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. કવિ ભૂતકાળને વાગોળતાં શું શું યાદ કરે છે ? વર્ષો પહેલાંની કઈ ઘટનાને યાદ કરે છે ?
2. કલ્યાણ-ચોરો ચણાયો તેની પાછળ કયો ઇતિહાસ રહેલો છે ? કલ્યાણ કોણ હતો ?
3. કલ્યાણ કયાં વીરગતિ પામ્યો ? તેના હૃદયમાં શું રહેલું હતું ?
4. કલ્યાણ યુદ્ધમાં હણાવા છતાં તેની વૃદ્ધમાતા શા માટે હર્ષઘેલી બને છે ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંકિતઓનો ભાવાર્થ સમજાવો.**

૧. કલ્યાણહૈયે હતી દેશદાઝ, વ્હાલી હતી એ થકી કુળલાજ.
૨. કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો, ને આત્માએનો સ્વરગે વિરામ્યો.

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અક્ષય, ઉમંગ, પુણ્યશાળી, હર્ષઘેલાં, કીર્તિ

**પ્રશ્ન 5. નીચેના શબ્દો યોગ્ય શબ્દો સાથે જોડો.**

અક્ષયકીર્તિ, કુળલાજ, પુણ્યશાળી એ વિશેષણોને પોતાની, આત્મા, વીરયોદ્ધો

**પ્રશ્ન 6. નીચેની કાવ્યપંક્તિઓમાં કયો અલંકાર છે તે ઓળખી બતાવો.**

કલ્યાણ તો એકલ આશ જેની,
ચિંતા ધરે એ દિનરાત તેની.

•

## વ્યાકરણ એકમ : ૨

# છંદ

**'કલ્યાણ તો એકલ આશ જેની**
**ચિંતા ધરે એ દિનરાત તેની.'**

આ કાવ્યપંક્તિઓ ઈન્દ્રવજ્ર છંદમાં રચાયેલી છે. એવું ભૂમિકામાં નોંધાયું છે. સામાન્ય રીતે 'પદ્ય'નો લય ગદ્ય કરતાં વધુ નિયમિત હોય છે. લયની નિયમિતતા માટે કવિઓએ શોધી કાઢ્યું કે ભાષામાં વપરાતા ધ્વનિઓનો ઉપયોગ કરી શકાય. 'ક' 'ખ' 'ગ' વગેરે વર્ણો અલગ ઉચ્ચારીએ ત્યારે ક્+અ, ખ્+અ, ગ્+અ ઉચ્ચારાય છે પણ ધારો કે વાંકી શબ્દ ઉચ્ચારીએ તો તેમાં 'વાં' અને 'કી' બંનેના ઉચ્ચારનો સમય (કાલમાન) ગાળો સરખો છે. પણ 'આંખડી' ઉચ્ચારીએ ત્યારે 'આ' અને 'ડી'ના પ્રમાણમાં 'ખ'ના ઉચ્ચારણનો સમયગાળો ઓછો છે.

આ ઉપરથી જે વર્ણો ઉચ્ચારાય તેને બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યા. જેના ઉચ્ચારણનો સમયગાળો પ્રમાણમાં ઓછો હોય. ઉચ્ચારાયેલા વર્ણને અક્ષર કહેવામાં આવે છે તેથી બે પ્રકારના અક્ષરો ગણાયા. ઉચ્ચારમાં લાંબો સમયગાળો લેતા અક્ષરો તેદીર્ઘ અથવા ગુરુ અને પ્રમાણમાં ઓછો અથવા ટૂંકો સમય ગાળો લેતા તે લઘુ અથવા હ્રસ્વ. અ,ઈ, ઉ, ઋ જેવા હ્રસ્વ સ્વરો સાથે ઉચ્ચારાતા અક્ષરોને લઘુ અને બાકીના સ્વરો સાથે ઉચ્ચારાતા તે ગુરુ. આ ગુરુની બે માત્રા અને લઘુની એક માત્રા ગણવામાં આવી.

કાવ્યપંક્તિમાં સરખા માપના નિયત સંખ્યામાં જે અક્ષરો આવે ને ખાસ લયથી, નિયમિત લયથી બોલી શકાય - ગાઈ શકાય. નિયત અથવા નક્કી કરેલી માત્રા પ્રમાણે કાવ્યપંક્તિઓ પણ નિયમિત લયવાળી હોય.

લખાણમાં લઘુ અક્ષરનું ચિહ્ન ઁ અર્ધ ચંદ્રાકાર છે અને તેનો ટૂંકમાં 'લ' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. એટલે કે, ક, કિ, કુ, કૃ અથવા સ, સિ, સુ, સૃ એ લઘુ અક્ષરો અથવા એક માત્રાવાળા અક્ષરો ગણાય.

આ, ઈ, ઊ, ઐ, ઓ, ઔ, અં, અઃ વગેરે ગુરુ સ્વરો છે અને એની સાથે જોડાયેલા વ્યંજનો ગુરુ બને છે. જેમ કે, કા, કી, કૂ, કૈ, કો, કૌ, કં, કઃ.

ગુરુ વર્ણનું ચિહ્ન '—' આડી લીટી છે અને તેનો ટૂંકમાં 'ગા' તરીકે નિર્દેશ કરવામાં આવે છે.

શબ્દમાં જ્યારે જોડાક્ષર હોય ત્યારે ઉચ્ચારણ દરમિયાન જોડાક્ષરના અર્ધવ્યંજનનો થડકાર આગળના વર્ણ (અક્ષર) પર આવતો હોય તો આગળનો વર્ણ લઘુ હોય તો પણ તે ગુરુ બને છે. શક્તિમાં શ લઘુ છે, પણ પાછળથી 'ક્તિ' એ સંયુક્ત વ્યંજન જોડાયેલો હોવાથી 'શ' અહીં લઘુ નહીં, પણ ગુરુ બને છે.

સામાન્ય રીતે અનુનાસિક ઉચ્ચારણવાળો અક્ષર ગુરુ બને, પરંતુ ગુજરાતી ઉચ્ચારણમાં અનુનાસિક હંમેશાં તીવ્ર હોતો નથી. ક્યારેક કોમળ પણ હોય છે ત્યારે તેની પહેલાનો અક્ષર લઘુ હોય તો તે લઘુ જ રહે છે.

વિસર્ગવાળો અક્ષર ગુરુ ગણાય છે. વિસર્ગવાળો અક્ષર લઘુ હોય તો પણ વિસર્ગનો ઉચ્ચાર કરતાં તે ગુરુ બને છે.

પંક્તિને અંતે આવતો અક્ષર લઘુ હોવા છતાં ગુરુ બને છે.

આ ઉપરાંત લઘુ-ગુરુના નિર્ણય વખતે કવિએ લીધેલી છૂટ ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે.

### છંદના પ્રકાર

(I) સંખ્યામેળ છંદ

(II) અક્ષરમેળ છંદ અથવા રૂપમેળ છંદ અથવા ગણમેળ છંદ

(III) માત્રામેળ છંદ અથવા જાતિ છંદ

(IV) લયમેળ છંદ અથવા ગેય છંદ

### અક્ષરની ગોઠવણી

**ગણ :** અક્ષરોમાં લઘુ-ગુરુના આધારે ગણની રચના થયેલી હોય છે. દરેક ગણમાં ત્રણ અક્ષરો હોય છે.આ ત્રણ અક્ષરોના લઘુ-ગુરુની વિવિધ પ્રકારની ગોઠવણીથી જુદા જુદા ગણ બને છે. ગણની કુલ સંખ્યા

આઠ છે. આ ગણોને યાદ રાખવા માટે એકાક્ષરી નામો ય, મ, ત, ર, જ, ભ, ન, સ એ રીતે આપવામાં આવ્યા છે.

| ગણ | બંધારણ |
|---|---|
| ય | U – – (લઘુ, ગુરુ, ગુરુ) |
| મ | – – – (ગુરુ, ગુરુ, ગુરુ) |
| ત | – – U (ગુરુ, ગુરુ, લઘુ) |
| ર | – U – (ગુરુ, લઘુ, ગુરુ) |
| જ | U – U (લઘુ, ગુરુ, લઘુ) |
| ભ | – U U (ગુરુ, લઘુ, લઘુ) |
| ન | U U U (લઘુ, લઘુ, લઘુ) |
| સ | U U – (લઘુ, લઘુ, ગુરુ) |

આ ગણોનાં માપ યાદ રાખવાનો એક સહેલો રસ્તો પણ છે.

સૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા

આ સૂત્ર યાદ રાખો અને જે ગણનું બંધારણ નક્કી કરવું હોય તે અક્ષરથી શરૂ કરીને ત્રણ અક્ષરો સુધીના લઘુ-ગુરુ નક્કી કરવા. જેમ કે યનું બંધારણ નક્કી કરવું હોય તો ય અક્ષરથી શરૂ કરી ત્રણ અક્ષર ગણી તે અક્ષરના લઘુ-ગુરુ લખવા ય - ય મા તા એટલે U – – આ યનું બંધારણ થયું તે જ રીતે બધાં બંધારણ બનાવીએ.

| | | | | |
|---|---|---|---|---|
| ય | ગણ | એટલે | યમાતા | U – – |
| મ | ગણ | એટલે | માતારા | – – – |
| ત | ગણ | એટલે | તારાજ | – – U |
| ર | ગણ | એટલે | રાજભા | – U – |
| જ | ગણ | એટલે | જભાન | U – U |
| ભ | ગણ | એટલે | ભાનસ | – U U |
| ન | ગણ | એટલે | નસલ | U U U |

લ એટલે લઘુ અને ગ એટલે ગુરુ.

છેલ્લા લ અને ગા એ કોઈ ગણનાં નામ નથી. માત્ર લઘુ અને ગુરુ માટેની સંજ્ઞાઓ છે.

છંદના બંધારણમાં પણ ત્રણ ત્રણ અક્ષરના ગણ તારવતાં પાછળ એક-બે અક્ષર વધે તો એમને પણ લ અને ગા થી દર્શાવવામાં આવે છે. અહીં એક પંક્તિમાં ગણ બતાવવામાં આવ્યા છે તે જોઈએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| U– – | – – – | UUU | UU– | –UU | U – |
| ઉનાળા | નોલાંબો | દિવસ | વહતો | મંથર | ગતિ |

**ચરણ :** લઘુ, ગુરુ વર્ણોના નિયત માપ મુજબ જ્યારે છંદની પ્રત્યેક પંક્તિમાં વર્ણો ગોઠવાયા હોય છે ત્યારે જે માપ બને તે ચરણ, પદ કે પાદ સંજ્ઞાથી ઓળખાય છે.

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ
દેવોના ધામના જેવું હૈયું જાણે હિમાલય

ઉપરના ઉદાહરણમાં ચાર ચરણ જોયાં.

**યતિ :** કાવ્યનું પઠન કરતાં કે ગાતાં સહજ રીતે જ્યાં અટકવું પડે કે જ્યાં વિરામ લેવાય ત્યાં આપણે વિરામ ચિહ્ન મૂકીએ છીએ. છંદમાં તેને યતિ કહેવામાં આવે છે.

જ્યાં જ્યાં યતિ આવે ત્યાં ત્યાં તેની આગળનો અક્ષર ગુરુ બને છે. અહીં ઉદાહરણમાં યતિને સ્થાને ઊભી લીટી કરવામાં આવી છે.

હા પસ્તાવો / વિપુલ ઝરણું / સ્વર્ગથી ઊતર્યું છે

**માત્રા :** માત્રા એટલે અક્ષરના ઉચ્ચારણમાં જે સમય લાગે છે તે અવધિ-સમયને માત્રા કહે છે.

લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુ અક્ષરની બે માત્રા ગણાય છે. કેટલાક છંદોમાં પંક્તિની અક્ષર સંખ્યા કે લઘુ-ગુરુનાં સ્થાન નિશ્ચિત નથી હોતાં, પણ પંક્તિના અક્ષરોની કુલ સંખ્યા નિશ્ચિત હોય છે એવા છંદોને માત્રામેળ છંદો કહેવામાં આવે છે.

**તાલ :** માત્રામેળ છંદોમાં નિશ્ચિત અંતરે વિરામ કે ભાર આવે તેને તાલ કહેવામાં આવે છે.

**સંધિ :** માત્રામેળ છંદોમાં ગણ વ્યવસ્થા હોતી નથી, પરંતુ માત્રામેળ છંદની પંક્તિ અમુક ખંડોમાં પઠનના લય પ્રમાણે વહેંચાઈ જાય છે ત્યારે તે પ્રત્યેક ખંડના માત્રા જૂથને સંધિ કહે છે.

જ્યારે એકસરખી માત્રાઓનું જૂથ ફરી ફરી આવતું હોય તેને આવૃત્ત સંધિ કહે છે. આવૃત્ત એટલે કે માત્રામેળ છંદોમાં 'આવર્તનો', 'ત્રિકલ', 'ચતુષ્કલ', 'પંચકલ' અથવા 'સપ્તકલ' સંધિનાં આવર્તનો માત્રામેળ છંદમાં હોય છે.

**અક્ષરમેળ છંદ નક્કી કરવાની રીત**

જ્યારે કોઈ કાવ્યપંક્તિનો છંદ ઓળખવો હોય ત્યારે સૌથી પહેલાં તેના અક્ષરોની સંખ્યા ગણી લેવી જોઈએ.

અક્ષરની ગણતરી કર્યા પછી તેના ગણ પાડવા જોઈએ.

ગણ પારખવા માટે પંક્તિના અક્ષરોને ત્રણ-ત્રણ અક્ષરના જૂથમાં વિભાજિત કરી તેના લઘુ-ગુરુના સ્વરૂપને નક્કી કરવા જોઈએ.

તે પછી દરેક જૂથના લઘુ-ગુરુના સ્વરૂપ પ્રમાણે તેના ગણ નક્કી કરી બંધારણ જોઈ, છંદ નક્કી કરવો જોઈએ.

**માત્રામેળ છંદ નક્કી કરવાની રીત**

માત્રામેળ છંદોમાં પંક્તિની કુલ માત્રાઓ નક્કી હોય છે એટલે સૌપ્રથમ માત્રા ગણવી જોઈએ.

ત્યાર પછી આવર્તનો ચકાસી છંદ નક્કી કરવો જોઈએ.

છંદનાં બંધારણ

**શિખરિણી છંદ**

અક્ષર : ૧૭ અક્ષર
બંધારણ : ય મ ન સ ભ લ ગા
યતિ : ૬ અને ૧૨મા અક્ષરે

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| U– | – | – | – – | UUU | U | U – | –UU | U– |
| નદી | દો | ડે | સોડે | ભડભ | ડ | બળે | ડુંગર | વનો |
| ય | | મ | | ન | સ | | ભ | લગા |

**મંદાક્રાન્તા છંદ**

અક્ષર : ૧૭ અક્ષર
બંધારણ : મ ભ ન ત ત ગા ગા
યતિ : ૪ અને ૧૦મા અક્ષરે

– — – UU U UU – –U – –U – –
રે પંખી ડાં સુખથી ચણ જો ગીત વા કોઈ ગા જો
મ ભ ન ત ત ગા ગા

**પૃથ્વી છંદ**

અક્ષર : ૧૭ અક્ષર
બંધારણ : જ સ જ સ ય લ ગા
યતિ : ૮ અને ૧૭મા અક્ષરે

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| U | –U | U | U– | U | –U | U | U– | U– | – | U– | |
| ભ | મો | ભ | રત | ખં | ડમાં | સ | કળ | ભો | મ | ખુંદી | વળી |
| જ | | સ | | જ | | સ | | ય | | | લગા |

### હરિણી છંદ

અક્ષર : ૧૭ અક્ષર

બંધારણ : ન સ મ ર સ લ ગા

યતિ : ૮ અને ૧૭મા અક્ષરે

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| UUU | U | U– | — | — | U– | UU | –U– | |
| ઉપવ | ન | વિશે | સાંજે | જ્યા | રે | હવા | હસતી | હતી |
| ન | સ | | મ | | ર | | સ | લગા |

### વસંતતિલકા છંદ

અક્ષર : ૧૪ અક્ષર

બંધારણ : ત ભ જ જ ગા ગા

યતિ : ૮મા અક્ષરે

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| – – | U | –U | U | U | –U | U– | U | – | – |
| ખીલી | વ | સંત | વ | ન | ફૂલ | ભર્યાં | મ | હે | કે |
| ત | | ભ | | જ | | જ | | ગા | ગા |

### શાર્દૂલવિક્રીડીત છંદ

અક્ષર : ૧૯ અક્ષર

બંધારણ : મ સ જ સ ત ત ગા

યતિ : ૧૨મા અક્ષરે

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| – – | – | U – – U– | U | U | U – | – – U – | – U | – |
| ઊગે | છે | સુરખી ભરી | ર | વિ | મૃદુ | હેમંત નો | પૂર્વ | માં |
| મ | | સ જ | | સ | | ત | ત | ગા |

### સ્રગ્ધરા છંદ

અક્ષર : ૨૧ અક્ષર

બંધારણ : મ ર ભ ન ય ય ય

યતિ : ૭ અને ૧૪મા અક્ષરે

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| – – – | – | U– | – | UU | U | UU | U – | – | U– | –U | — |
| ધીમે ધી | મે | છટા | થી | કુસુ | મ | રજ | લઈ | ડો | લતો | વાયુ | વાય |
| મ | ર | | ભ | | ન | | ય | | ય | ય | |

### અનુષ્ટુપ છંદ

બંધારણ : ૮, ૮ અક્ષરનાં ચાર ચરણ, દરેક ચરણનો પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ. પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ, બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ.

U – – U–U

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ

U – – U–U

દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય

### ઈન્દ્રવજ્રા છંદ

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : ત ત જ ગા ગા

ત ત જ ગાગા

| | | | | |
|---|---|---|---|---|
| – – | U – | –UU | –U | — |
| ઊભા | રહી | અંજલિ | એક | લીધી |
| ઈલા | સ્મરે | છે અહિ | એક | વેળા |
| આચો | તરે | આપણ | બેર | મેલાં |

**ઉપેન્દ્રવજ્રા છંદ**

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : જ ત જ ગા ગા

નોંધ : તમે જોઈ શકશો કે ઉપરના બે છંદ (ઉપેન્દ્રવજ્રા અને ઇન્દ્રવજ્રા)માં સહેજ જ તફાવત છે. ઇન્દ્રવજ્રામાં પહેલો અક્ષર ગુરુ છે અને ઉપેન્દ્રવજ્રામાં પહેલો અક્ષર લઘુ છે. બીજા બધા અક્ષરોનું માપ એકસરખું જ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| U – | U – | – | UU | –U | – – |
| દયા | હતી | ના | નહિ | કોઈ | શાસ્ત્ર |
| U – | U– | –UU | –U | – – | |
| હતી | તહીં | કેવળ | માણ | સાઈ | |
| જ | ત | જ | ગા | ગા | |

**ઉપજાતિ છંદ**

આમ તો આ કોઈ સ્વતંત્ર છંદ નથી, પણ ૧૧ અક્ષરવાળા ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રા બંનેની મિશ્રણવાળી રચના છે. જ્યારે એક જ કાવ્યમાં ઉપેન્દ્રવજ્રા અને ઇન્દ્રવજ્રાની એક-એક પંક્તિ હોય ત્યારે તે ઉપજાતિ છંદ બને છે.

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : જ ત જ ગા ગા, ત ત જ ગા ગા

યતિ : પંકતિને અંતે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| U–U | – | –U | U– | U | – – | |
| સજાવ | વાં | ચપ્પુ | છરી | ક | હેતો | |
| – | –U | – | –U | U | –U | – – |
| ને | તેહ | ની | પાછ | ળ | બાળ | તેનો |

**મનહર છંદ**

બંધારણ : આ સંખ્યામેળ છંદમાં બે પંક્તિઓ હોય છે. પંક્તિમાં લઘુગુરુનાં સ્થાન નિશ્ચિત નથી. બંને પંક્તિના કુલ અક્ષરોની ગણતરી લેવાય છે. બે પંક્તિમાં અક્ષર સંખ્યા ૧૬+૧૫ કુલ ૩૧ થાય. ચાર-ચાર અક્ષરોના ગણ સાતવાર અને છેલ્લે ત્રણ અક્ષર. ચરણને અંતે ગુરુ અક્ષર.

યતિ : ૮, ૧૬, ૨૪ અક્ષરે.

બગલાની ડોક વાંકી. પોપટની ચાંચ વાકી = ૧૬

કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે = ૧૫

**ચોપાઈ છંદ**

માત્રા : ૧૫ માત્રા (દરેક ચરણમાં)

તાલ : ૧, ૫, ૯, ૧૩ મી માત્રાએ. ચાર-ચાર માત્રાના ચતુષ્કલ સંધિનું ત્રણ વખત આવર્તન અને છેલ્લા બે અક્ષરો ગુરુ અને લઘુ હોય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ગા.લ. | | | | | |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | |
| કાળી | ધોળી | રાતી | ગાય | = | ૧૫ | માત્રા | | |
| ૨ | ૨ | ૨ | ૨ | ૧૧૨ | ૨ | ૧ | ૧૫ | માત્રા |
| પી | એ | પા | ણી | ચરવા | જા | ય | | |

**દોહરો છંદ**

માત્રા : કુલ ચાર ચરણ હોય. પહેલા અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા, ૧૧મી માત્રાએ લઘુ અક્ષર. બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા, છેલ્લા બે અક્ષર ગુરુ-લઘુ.

તાલ : ૧, ૫ અને ૯મી માત્રાએ.

૨૧ ૧૨ ૨ ૨૧૨ = ૧૩ ૨૧૧ ૨ ૧૧૨૧ = ૧૧
દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ
૨૧ ૧૨૧ ૨૧ ૧૨ = ૧૩ ૨૨ ૧૨ ૧૨૧ = ૧૧
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ

**સવૈયા છંદ**

માત્રા : ૩૧ અથવા ૩૨

તાલ : ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯મી માત્રાએ અથવા ૧લી માત્રાએ પછી ચાર-ચાર માત્રાએ.

આવર્તન : ચાર ચાર માત્રાના ચતુષ્કલ સંધિનાં સાત આવર્તન. છેલ્લે બે અક્ષરો ગુરુ-લઘુ અથવા બત્રીસા સવૈયામાં છેલ્લા બે અક્ષરો ગુરુ-ગુરુ આવે.

૨૨ ૨૨ ૨૧ ૨૨૨ ૨૨ ૨૨ ૧૨૨ ૨ = ૩૨
એકે ભૂરી લાલ બીજાએ ચડી ટૂંકી ચડાવી છે.

**ઝૂલણા છંદ**

માત્રા : ૩૭ માત્રા (પૂર્વાર્ધ ચરણમાં ૨૦ અને ઉત્તરાર્ધ ચરણમાં ૧૭ માત્રા)

તાલ : ૧લી માત્રાએ અને પાંચ-પાંચ માત્રાએ

આવાર્તન : પાંચ-પાંચ માત્રાનાં પંચકલ સંધિનાં સાત આવર્તન અને છેલ્લો અક્ષર ગુરુ.

૧ ૨ ૩ ૪
૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨
જા ગ ને જા દ વા કૃ ષ્ણ ગો વા ળિ યા
૧૨ ૧૨ ૨૧ ૨ ૨૧ ૨૨
તુજ વિના ઘેનમાં કોણ જાશે?
.....
૫ ૬ ૭

**હરિગીત છંદ**

માત્રા : ૨૮ માત્રા

આવર્તન : સાત-સાત માત્રાના સપ્તકલ સંધિનાં ચાર આવર્તન. છેલ્લો અક્ષર ગુરુ.

યતિ : ૧૪ અને ૧૬ માત્રાએ.

.....
૨ ૨૧ ૨૨૨ ૧૨ ૧૧ ૨૧ ૨૨ ૨ ૧૨
આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી

**કટાવ છંદ**

માત્રા અને ચરણની સંખ્યા નિશ્ચિત નહીં. એક પંક્તિમાં ચાર-ચાર માત્રાના ચતુષ્કલના ઓછામાં ઓછાં બે આવર્તનો આવે છે. એ રીતે આઠ માત્રાનો એકસંધિ બને. એમાં જરૂર હોય ત્યાં વધુ આવર્તનો ઉમેરી સળંગ પદ્યરચના માટે ઉપયોગ કરવામાં આવે છે.

૨૧ ૨૧ ૨ ૨૧ ૨૧ ૨
ધન્ય ધન્ય ઓ ચિત્ત મુજ તું!

**મહાવરો**

આપેલી કાવ્યપંક્તિઓની નીચે ચાર વિકલ્પો આપ્યા છે. કાવ્યપંક્તિ જે છંદની હોય તેની સામે ઘાટું કરો.

૧. 'કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો'

અ. મંદાક્રાન્તા બ. શિખરિણી

ક. પૃથ્વી ડ. હરિણી

૨. 'ઝૂલે ચમેલી વાયુ સંગ, ફોરે એનો મધુર ઉમંગ,
વેલી ઝબકી સોહ્યું આભ, સુગંધ ફોરે મ્હેક્યો દામ.'

અ. મંદાક્રાન્તા બ. શિખરિણી

ક. પૃથ્વી ડ. હરિણી

૩. 'પારાવારે દુસ્તર વીચિ ઘણી તરીને'

અ. કટાવ બ. હરિગીત

ક. હરિણી ડ. દોહરો

૪. 'તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી.'

અ. હરિણી બ. હરિગીત

ક. શાર્દૂલવિક્રીડિત ડ. કટાવ

૫. 'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?'

અ. સ્રગ્ધરા બ. ચોપાઈ

ક. મંદાક્રાન્તા ડ. સવૈયા

૬. દ્રવે કાયર દ્રવે શૂર, દ્રવે મેલો ને દ્રવે નુર
દ્રવે ચોર ને દ્રવે સાહા, દ્રવે રંક ને દ્રવે રાયા

અ. હરિગીત બ. ચોપાઈ

ક. મંદાક્રાન્તા ડ. ઝૂલણા